કેસ દાખલ તારીખ : ૨૦.૦૭.૨૦૨૨

કેસ નોંધ્યા તારીખ : ૨૦.૦૭.૨૦૨૨

કેસ નિર્ણય તારીખ : ૧૬.૦૫.૨૦૨૬

અવધિ : વર્ષ ૦૩, મા.૦૯, દિ.૨૬

મે.ખેડાના અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ખેડા.

ક્રિ.કે.નં.૪૨૪/૨૦૨૨

આંક :– ૪૦

<u>ફરીયાદી :–</u>

શ્રી સરકાર.

**<u>વિરૂધ્ધ</u>**

<u>તહોમતદાર :–</u>

(૧) વાઘુભાઈ લીલાભાઈ રબારી,
ઉ.વ.૩૫, ધંધો : ખેતી તથા પશુપાલન,
રહે. બદરખા, રામદેવપીર મંદિર સામે,
રબારીવાસ, તા.ધોળકા, જી.અમદાવાદ.

(૨) રામભાઈ દેવશીભાઈ પરમાર (રબારી),
ઉ.વ.૩૨, ધંધો : ખેતી તથા પશુપાલન,
રહે. હિરાસર, રબારીવાસ,
તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર.

(૩) મેરૂભાઈ રામશીભાઈ રબારી (કલોતરા),
ઉ.વ.૩૨, ધંધો : ખેતી તથા પશુપાલન,
રહે. વાટાવચ્છ, રબારીવાસ,
તા.સાયલા, જી.સુરેન્દ્રનગર.

(૪) દેવાભાઈ ભીમશીભાઈ રબારી (ખાંભલા),
ઉ.વ.૨૫, ધંધો : ખેતી,
રહે. ગ્રામભડી, રબારીવાસ, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર.

-------------------------------------

**ગુન્હો:-** ઈ.પી.કો.કલમ-૩૪૧,૩૨૫,૩૨૩,૫૦૬(૨),૧૧૪ મુજબ.

-------------------------------------

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ત્રિવેદી

આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી એમ.કે.જાદવ

-------------------------------------

**// ચુકાદો //**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના સાહેદ સોનલબેન બેચરભાઈ ઠાકોર નાઓની કેલીચાવાસણા ગામની સીમમાં આવેલ ૫૦ વીઘા જમીનના આરોપી નં.૧ નાએ બે કરોડ રૂપિયા અપાવીસ જમીન મારી પાર્ટીને વેચાણ આપવી પડશે. હું બાનાપેટે એક મહિનામાં ચાર લાખ રૂપિયા આપીશ હાલ બાનાપેટે રૂા.૫૧,૦૦૦/- આપુ છું તેમ જણાવી પૈસા આપેલ. ત્યારબાદ ઘણો સમય થઈ જતા નકકી થયેલ ચાર લાખ રૂપિયા આરોપી આપતા ન હોય અને આપેલ રૂા.૫૧,૦૦૦/- નું રૂા.૫,૦૦,૦૦૦/- વ્યાજ સહિતની રકમ અવાર નવાર સાહેદ પાસે માંગતા હોય ફરીયાદી તથા સાહેદ તા.૨૮.૦૫.૨૦૨૨ ના રોજ રૂા.૧,૫૦,૦૦૦/- લઈ આરોપી નં.૧ ને ઈકો ગાડી લઈ આપવા જતા હતા ત્યારે કલાક ૧૧:૩૦ ના સુમારે વાસણા બુઝર્ગ ગામની સીમ, વાસણા ટોલ નજીક ખેડા ધોળકા રોડ ઉપર પસાર થતા હતા તે વખતે આરોપી નં.૧ ના કહેવાથી આરોપી નં.૨ થી ૪ સ્કોર્પીયો ગાડી નં.જીજે.૧૮.બીજી.૦૬૭૮ ની ફરીયાદી/સાહેદની ગાડીની પાછળથી લઈ આવી ઓવર ટ્રેક કરી ફરીયાદીની ગાડીની આગળ એકદમ ઉભી કરી ફરીયાદી/સાહેદની ગાડી ઉભી રખાવી ગેરકાયદેસર અવરોધ

કરી સ્કોર્પીયો ગાડીમાંથી લોખંડની પાઈપો લઈ નીચે ઉતરી ફરીયાદી/ સાહેદને નીચે ઉતારી ઉપરોકત પૈસાની લેવડ–દેવડની અદાવત રાખી ફરીયાદીને આરોપી નં.૨ થી ૪ નાઓએ લોખંડની પાઈપોથી બંને પગે તથા જમણા હાથે તથા શરીરે માર મારી આરોપી નં.૨ નાએ ડાબા પગના નળાના ભાગે પાઈપ મારી ફ્રેકચર કરી ઈજા કરી સાહેદ સોનલબેન છોડાવવા જતા તેમને આરોપી નં.૨ થી ૪ નાઓએ શરીરે ગરદાપાટુનો માર મારી આરોપી નં.૨ નાએ જમણા પગે પાઈપ મારી ઈજાઓ કરી આરોપીઓએ ફરીયાદી/ સાહેદને આરોપી નં.૧ વાઘુભાઈ રબારીના પૈસા નહી આપો તો જાનથી મારી નાખીશુ તેવી ધાક ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં આપતાં જે પી.એસ.ઓ.શ્રીએ નોંધી લઈ, પો.સ્ટે.પાર્ટ–એ ગુના રજી.નં.૧૧ ૨૦૪૦૨૫૨૨૦૧૯૩/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ–૩૪૧,૩૨૫,૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધી લઈ તેની આગળની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતાં તેઓએ જરૂરી તપાસના અંતે હાલના આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ રજુ કરેલ છે.

(૨) <u>કોર્ટ કાર્યવાહી.</u>

આ કામનાં આરોપીઓને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં અને આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, તેને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ, આંક–૦૯ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી, સમજાવી આંક–૧૦ થી આંક–૧૩ તળે જવાબ નોંધતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) <u>ફરીયાદ પક્ષનો પુરાવો.</u>

આ કામે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબનાં પુરાવાઓ રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવા</u> :–

(૧) આંક–૧૭ થી સાહેદ રાજેશકુમાર મહેન્દ્રભાઈ મહેતાની જુબાની.

(૨) આંક–૨૮ થી પંચ સાહેદ વાઘાભાઈ શામળાભાઈ આલની જુબાની.

(૩) આંક–૩૦ થી પંચ સાહેદ માત્રાભાઈ વાલાભાઈ આલની જુબાની.

(૪) આંક–૩૧ થી પંચ સાહેદ આશિષભાઈ રમેશભાઈ બારૈયાની જુબાની.

(૫) આંક–૩૬ થી ત.ક.અ.શ્રી હિતેષ રણછોડભાઈ પ્રજાપતીની જુબાની.

<u>દસ્તાવેજી પુરાવા</u> :–

(૧) આંક–૨૯ થી મુદ્દામાલ હથિયાર તથા વાહનનું પંચનામું.

(૨) આંક–૩૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.

(૩) આંક–૩૭ થી ફરીયાદ.

(૪) આંક–૩૮,૩૯ થી ફરીયાદી/સાહેદનાં મેડીકલ સર્ટીફીકેટ.

(૪) <u>બચાવ પક્ષનો પુરાવો.</u>

ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો તપાસેલ નથી અને ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોતાં, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં

આવેલ છે. જેમાં બચાવનાં સાહેદો તપાસવા નથી અને વિશેષ જવાબમાં ખોટો કેસ કરેલાનું જણાવેલ છે.

(૫) દલીલો.

આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ત્રિવેદીની તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.કે.જાદવની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) મુદ્દાઓ.

ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના સાહેદ સોનલબેન બેચરભાઈ ઠાકોર નાઓની કેલીયાવાસણા ગામની સીમમાં આવેલ ૫૦ વીઘા જમીનના આરોપી નં.૧ નાએ બે કરોડ રૂપિયા અપાવીસ જમીન મારી પાર્ટીને વેચાણ આપવી પડશે. હું બાનાપેટે એક મહિનામાં ચાર લાખ રૂપિયા આપીશ હાલ બાનાપેટે રૂા.૫૧,૦૦૦/- આપુ છું તેમ જણાવી પૈસા આપેલ. ત્યારબાદ ઘણો સમય થઈ જતા નકકી થયેલ ચાર લાખ રૂપિયા આરોપી આપતા ન હોય અને આપેલ રૂા.૫૧,૦૦૦/- નું રૂા.૫,૦૦,૦૦૦/- વ્યાજ સહિતની રકમ અવાર નવાર સાહેદ પાસે માંગતા હોય ફરીયાદી તથા સાહેદ તા.૨૮.૦૫.૨૦૨૨ ના રોજ રૂા.૧,૫૦,૦૦૦/- લઈ આરોપી નં.૧ ને ઈકો ગાડી લઈ આપવા જતા હતા ત્યારે કલાક ૧૧:૩૦

ના સુમારે વાસણા બુઝર્ગ ગામની સીમ, વાસણા ટોલ નજીક ખેડા ધોળકા રોડ ઉપર પસાર થતા હતા તે વખતે આરોપી નં.૧ ના કહેવાથી આરોપી નં.ર થી ૪ સ્કોર્પીયો ગાડી નં.જીજે.૧૮.બીજી.૦૬૭૮ ની ફરીયાદી/ સાહેદની ગાડીની પાછળથી લઈ આવી ઓવર ટ્રેક કરી ફરીયાદીની ગાડીની આગળ એકદમ ઉભી કરી ફરીયાદી/સાહેદની ગાડી ઉભી રખાવી ગેરકાયદેસર અવરોધ કરી સ્કોર્પીયો ગાડીમાંથી લોખંડની પાઈપો લઈ નીચે ઉતરી ફરીયાદી/ સાહેદને નીચે ઉતારી ઉપરોકત પૈસાની લેવડ–દેવડની અદાવત રાખી ફરીયાદીને આરોપી નં.ર થી ૪ નાઓએ લોખંડની પાઈપોથી બંને પગે તથા જમણા હાથે તથા શરીરે માર મારી આરોપી નં.ર નાએ ડાબા પગના નળાના ભાગે પાઈપ મારી ફ્રેકચર કરી ઈજા કરી સાહેદ સોનલબેન છોડાવવા જતા તેમને આરોપી નં.ર થી ૪ નાઓએ શરીરે ગરદાપાટુનો માર મારી આરોપી નં.ર નાએ જમણા પગે પાઈપ મારી ઈજાઓ કરી આરોપીઓએ ફરીયાદી/ સાહેદને આરોપી નં.૧ વાઘુભાઈ રબારીના પૈસા નહી આપો તો જાનથી મારી નાખીશુ તેવી ધાક ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ઈ.પી.કો.કલમ ૩૪૧, ૩ર૫, ૩ર૩, ૫૦૬(ર), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

ર. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**// કારણો //**

(૮) ફરિયાદપક્ષના પુરાવાઓનું મૂલ્યાંકન કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનીયમ ની કલમ–૧૩૪ અને ૧૦૧ની જોગવાઈ નીચે પ્રમાણે છે.

ભા. પુ. અધિ.ની કલમ કલમ– ૧૩૪

સાક્ષીઓની સંખ્યા કોઈ હકીકતની સાબીતી માટે સાક્ષીઓ ની અમુક જ સંખ્યા કોઈ કેસમા આવશ્યક ગણાશે નહી.

આમ કાયદાની ઉપરોકત જોગવાઈ નજર સમક્ષ રાખતા જો એક સાહેદની જુબાની વિશ્વસનીય અને માનવા લાયક હોય તો તેના ઉપર આધાર રાખી શકાય.

ભા. પુ. અધિ.ની કલમ–૧૦૧ સાબીતીનો બોજો

જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિાત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનુ અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

આમ ફોજદારી કેસમા મૂળભુત સિધ્ધાંત છે કે ફરિયાદીએ તમામ શંકા રહીત પોતાનો કેસ પુરવાર કરવો પડે અને તે અંગે આરોપીના પગ ઉપર આધાર રાખી શકાય નહી.

(૯) આ કામે ઉભય પક્ષની દલીલના સંદર્ભમાં ફરિયાદપક્ષના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે તે હકીકતની નોંધ લેવી આવશ્યક છે કે હાલના ગુનાની ફરીયાદ આપનાર ફરીયાદી જીતેન્દ્રભાઈ તથા સાહેદ સોનલબેનનો પુરાવો નોંધવા સારૂ તેઓને આ કામે વારંવાર સમંસ કાઢવા છતાં તેઓ નોંધાયેલ સરનામે રહેત ન હોઈ તેવા બજવણી અધિકારીશ્રીના શેરા સાથે કામગીરી વગર બજે પરત કરેલ હોય, આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ન હોય આ કામે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ નથી. જયારે ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ ફરીયાદ રૂબરૂ તરીકે નોંધનાર તપાસ કરનાર અમલદારશ્રી હિતેષકુમાર પ્રજાપતિના પુરાવા દરમ્યાન આંક–૩૭ થી રજુ કરવામાં આવી છે. આમ ફરીયાદ હકીકતને ફરીયાદીના ખુદના પુરાવાનું સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

(૧૦) હવે ફરીયાદપક્ષે રજુ અન્ય પુરાવો જોવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે સાહેદ રાજેશકુમાર મહેન્દ્રભાઈ મહેતાને આંક–૧૭ થી તપાસતાં તેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે ત્રણેક વર્ષ અગાઉ બપોરના સમયે બનેલ. બનાવના દિવસે સોનલબેનનો તેઓના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે ઝઘડો થયેલ છે અને તેણીને તથા જીતુભાઈને વાગેલ છે અને તેઓને ચરોતર હોસ્પીટલમાં દાખલ કરેલ છે. જેથી, તેઓ હોસ્પીટલમાં ગયેલ. આ ઝઘડો કોની સાથે થયેલ તે તેઓએ પાછળથી પણ જાણેલ નહી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતાં ન હોવાથી ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી વિગતે ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈજ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચ સાહેદ વાઘાભાઈ શામળાભાઈ આલને આંક–૨૮ થી તથા બીજા પંચ સાહેદ માત્રાભાઈ વાલાભાઈ આલને આંક–૩૦ થી તપાસતાં આ બંને પંચ સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન પંચનામાની સહી કર્યા સિવાયની હકીકતે સમર્થન

કરેલ નથી, પરંતુ પંચનામામાંની સહી સાહેદોએ કબુલ રાખેલ હોય પંચનામું આંક–૨૯ થી રજુ થયેલ છે. જે પંચનામાને પંચ સાહેદની જુબાનીનુ સમર્થન મળતુ ન હોય મુદ્દામાલ રીકવરી પંચનામું પંચ સાહેદોની હાજરીમાં કરી મુદ્દામાલ કબજે લીધેલ હોય તે હકીકત પુરવાર થતી નથી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ આશિષભાઈ રમેશભાઈ બારૈયાને આંક–૩૧ થી તપાસતાં તેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, આશરે સને ૨૦૨૨ માં બપોરના અઢી ત્રણની આસપાસ વાસણા બુઝર્ગ ગામની સીમમાં નવઘણભાઈ કરમશીભાઈ રબારીના ખેતરમાં પોલીસ અને બીજા બે ત્રણ જણાં આવેલ અને પોલીસે ગુનાવાળી જગ્યાનું તેમને પંચનામું કરવાનું કહેતા તેઓ પંચમાં રહેલ અને સદર જગ્યાનું પોલીસે તેઓની હાજરીમાં પંચનામું કરી લીધેલ જેમાં તેઓએ સહી કરેલ તેમ જણાવી આંક–૩૨ થી પંચનામું રજુ રાખી તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે, તેઓએ જયારે સહી કરેલ ત્યારે બીજા પંચ તરીકે અંકિતકુમાર ખોડાભાઈ હાજર હતા તેઓએ પણ પંચનામામાં સહી કરેલ. જયારે આ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, પોલીસે કંઈ તારીખે, કેટલા વાગે બોલાવેલ તે હાલ યાદ નથી. પોલીસે સહી કરવાનુ કહેતાં પંચનામામાં સહી કરેલ તેમાં શું લખેલ હતી તેની કોઈ માહિતી નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે સદર ગુન્હાની તપાસ કરનાર અમલદારશ્રી હિતેષ રણછોડભાઈ પ્રજાપતીને આંક–૩૬ થી તપાસતાં તેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, તા.૨૮.૦૫.૨૦૨૨ ના રોજ તેઓ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમા સીની.પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ચરોતર મલ્ટી સ્પેશ્યલ હોસ્પીટલ માંથી ડો.સત્યમ પટેલનાએ વર્ધી લખાવેલ કે જીતેન્દ્રભાઈ પ્રભુભાઈ મારવાડી તથા સોનલબેન ગણપતભાઈ ઠાકોરને ખેડાથી બાદરખા તરફ જતા ધોળકા રોડ ઉપર ચાંદણાથી વાસણા વચ્ચે સ્કોર્પીઓ અને ટોયટા ફોર વ્હીલ ગાડીમાંથી અજાણ્યા

ઈસમોએ નીકળી લોખંડની પાઈપ વડે હુમલો કરી જીતેન્દ્રભાઈને જમણા હાથે તથા જમણા પગમાં માર મારેલ તથા સોનલબેનને જમણા પગના ભાગે માર મારી બંનેને ઈજા કરેલ છે તેવી વર્ધી આધારે તેઓ ચરોતર હોસ્પીટલમાં ગયેલ અને ફરીયાદીને ટેલીફોન વર્ધી બાબતે પુછપરછ કરેલ. તેઓની રૂબરૂ ફરીયાદીએ લખાવેલ કે, તા.૨૮.૦૫.૨૦૨૨ ના રોજ તેઓ તથા સાહેદ સોનલબેન ઠાકોરનાઓ રૂપિયા એક લાખ પચાસ હજાર સાથે લઈને વાઘુભાઈ લીલાભાઈ રબારીની ઈકો ગાડીમાં જતા હતા તે દરમ્યાન આરોપી રામભાઈ પરમાર, મેરૂભાઈ રબારી તથા દેવાભાઈ રબારીનાઓએ સ્કોર્પીઓ ગાડી આગળ લાવી તેઓની ગાડી રોકી તેઓ તથા સાહેદને લોખંડની પાઈપો વડે હાથે તથા પગે ઈજાઓ કરી ફ્રેકચર કરેલ તે મુજબની હકીકત લખાવતા જે તે તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ તેમ જણાવી આંક-૩૭ થી ફરીયાદ રજુ રાખી તેમાં ફરીયાદીની તથા રૂબરૂમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ સદર ફરીયાદ આધારે પી.એસ.ઓ. મહેશભાઈ મનુભાઈનાઓએ ફ.ગુ.ર.નં.૧૯૩/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ-૩૪૧, ૩૨૫, ૩૨૩, ૫૦૬(૨), તથા ૧૧૪ મુજબ ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ તેઓને સોંપતાં જે સંભાળી લઈ ફરીયાદીનું વિશેષ નિવેદન મેળવેલ તેમજ ગુનાવાળી જગ્યાનું બે સ્વતંત્ર પંચોની હાજરીમાં આંક-૩૨ થી રજુ પંચનામું કરેલ. સદર ગુનાના આરોપીએ ગુનામાં વાપરેલ હથિયાર તથા ગાડી તથા તેઓની શરીર સ્થિતીનું આંક-૨૯ થી રજું પંચનામું તા.૦૭.૦૬.૨૦૨૨ ના રોજ પંચોની હાજરીમાં કરેલ જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ કામે ઈજા પામનાર ફરીયાદી જીતેન્દ્રભાઈ તથા સોનલબેનના સારવાર સર્ટી મેળવેલ જે આંક-૩૮ તથા આંક-૩૯ થી રજુ રાખેલ છે અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલ, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તેઓને અટક કરી તેમના વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ ફરીયાદીની

ફરીયાદ ચરોતર હોસ્પીટલમાં તેઓના હાથે લખેલ. ફરીયાદી ફરીયાદ આપવા સક્ષમ છે કે કેમ તે સંબંધે તેઓએ ડોકટરશ્રીનો કોઈ અધિપ્રાય લીધેલ નથી. ફરીયાદી જીતેન્દ્રભાઈ મુળ રાજસ્થાનના રહેવાસી હતા અને તેઓ બનાવના અરસામાં સોખડા મુકામે રહેતા હોવાનું જાહેર કરેલ છે. ફરીયાદી સોખડા મુકામે કોના મકાનમાં રહેતા હતા તે સંબંધેનો કોઈ પુરાવો તપાસના કામે મેળવેલ નહી. ત્યારબાદ સ્વીકારે છે કે, ફરીયાદીને આરોપીઓ સાથે જમીન બાબતેની તકરાર હોવાની ફરીયાદમાં હકીકત જણાવેલ છે પરંતુ તેઓને કઈ જમીન બાબતેની તકરાર હતી તે બાબતે કોઈ પુરાવો મેળવેલ નથી. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે તેમને તપાસના કામે ગાડીના ડ્રાઈવર હિતેશભાઈનું કોઈ નિવેદન લીધેલ નથી અને સ્વેચ્છાએ જણાવે છે કે હિતેષભાઈની ગાડીમાં ફરીયાદી જાતે સાહેદ સોનલબેન સાથે જતા હતા. ત્યારબાદ જણાવે છે કે, આંક–૩૨ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદોને તેમના પોલીસના માણસોએ બોલાવેલ.ત્યારબાદ સ્વીકારે છે કે, સોનલબેનને થયેલ ઈજા કોના ધ્વારા કરવામાં આવેલ છે તે ફરીયાદમાં લખાવેલ નથી. તેઓ સ્વીકારે છે કે, ગુના બાબતે કોઈ ચીજ વસ્તુઓ કબજે લીધેલ હોય અને તેનો એફ.એસ.એલ. રીપોર્ટ કરાવેલ નથી. ત્યારબાદ સ્વીકારે છે કે સોનલબેનને ડાબો હાથ ન હોવાથી કામ કાજ કરી શકતા નથી.જયારે એ વાતનો ઈન્કાર કરે છે કે ફરીયાદીએ આરોપીઓના નામ જોગ કોઈ ફરીયાદ આપેલ નથી. એ વાતનો પણ ઈન્કાર કરે છે કે, આરોપીઓ બનાવ સ્થળે હાજર રહેલ ન હોવા છતાં તેમજ તેઓ વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૪) હવે ફરીયાદપક્ષે રજુ ઉપરોકત સમગ્ર પુરાવો એક સાથે જોવામાં આવેતો આ કામના ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ સોનલબેન બંને જણા બનાવના અરસામાં સોખડા મુકામે સાથે રહેતા હતા જેઓનો પુરાવો નોંધવા સારૂ વારંવાર તેઓના રહેઠાણના સરનામે સમન્સ કરવા છતાં તેઓ સોખડા

મુકામે રહેતા ન હોઈ કે તેઓને ફરીયાદપક્ષ હાજર રખાવી શકેલ ન હોય અને પુરતો પ્રયત્ન કરવા છતાં તેઓ મળી આવતાં ન હોવાથી તેઓને આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. જેથી તેઓના પુરાવાનું સમર્થન ફરીયાદપક્ષના કેસની હકીકતને મળેલ નથી. તેમજ આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ રાજેશકુમાર મહેન્દ્રભાઈ મહેતા જેઓએ કહેવાતો બનાવ નજરે જોયેલ નથી તેમજ ફરીયાદી તથા સાહેદને કોની સાથે ઝઘડો થયેલ તેવી કોઈજ હકીકત આ સાહેદ જણાવતા નથી. તદુઉપરાંત ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ મારક હથિયાર કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન હાલના આરોપીઓને તેઓની હાજરીમાં મારક હથિયાર રજુ કરેલ હોય જે પોલીસે આંક–૨૯ થી રજુ પંચનામું કરી કબજે લીધેલ હોય તેવી કોઈજ હકીકતને સમર્થન કરતા નથી. જયારે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ આશિષભાઈ રમેશભાઈ બારૈયા પોતાના પુરાવા દરમ્યાન ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા પોલીસે બોલાવેલ પરંતુ આ પંચનામું કંઈ તારીખે તથા કેટલા વાગ્યે કરેલ તેવી કોઈજ હકીકત જણાવતા નથી તેમજ પંચનામામાં શું લખેલ હતુ તેની કોઈ માહિતી ન હોવાનું જણાવે છે તેવા સંજોગોમાં પંચ સાહેદો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોવાનું જણાય છે પરંતુ મુદ્દામાલ હથિયાર પંચો રૂબરૂ કબજે કરેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો જોતાં તેઓએ તપાસના કામે ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ હોવાનું જણાવી આંક–૩૮–૩૯ થી રજુ રાખેલે છે પરંતુ તે અંગે સારવાર કરનાર ડૉ.શ્રીને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. સદર આંક–૩૮,૩૯ ના સ ર્ટીફીકેટ જોતાં પણ તેમાં કંઈ વ્યકિતઓ દ્વારા ઈજાઓ પહોંચાડેલ તેમના કોઈ નામ લખાવેલ નથી અને આ કામે જયારે ઈજા પામનાર ખુદ ફરીયાદી તથા સાહેદના પુરાવાનું ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી ત્યારે કહેવાતી ઈજાઓ હાલના આરોપીઓએ માર મારી પહોંચાડેલ હોય તે હકીકતો રજુ પુરાવા

આધારે સાબિત થતી નથી. તદુઉપરાંત બનાવ સમયે આરોપીઓએ ગુનાહિત ધમકી આપેલ હોય તો તેમાં ચોકકસ શું ધમકી આપેલ તેવી કોઈજ હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ પર આવતી નથી.

**(૧૫)** આમ, ઉપરોકત પેરામાં જણાવ્યા મુજબ આ કામે ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદના પુરાવાનું ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતુ નથી તેમજ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ અન્ય સાહેદોના પુરાવાનું ફરીયાદપક્ષના કેસની હકીકતને બિલકુલ સમર્થન મળતુ નથી. આ તમામ હકીકત ધ્યાને લેતાં બનાવ સમયે, સ્થળે અને વિગતે આરોપીઓએ ફરીયાદી તથા સોહદ સોનલબેનની અનઅધિકૃત રીતે અટકાયત કરી લોખંડના પાઈપ વડે માર મારી સ્વૈચ્છાપૂર્વક ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ગુનાહિત ધમકી આપેલ હોય તે હકીકત પુરવાર થતી નથી તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલા ગુનાના મુખ્ય આવશ્યક તત્વો પુરવાર થતા નથી અને તે મુજબ ફરીયાદપક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે. ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનાં પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, આ કામે રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ '' નકારમાં '' ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**૧.** આ કામનાં આરોપીઓ (૧) વાઘુભાઈ લીલાભાઈ રબારી, (૨) રામભાઈ દેવશીભાઈ પરમાર (રબારી), (૩) મેરૂભાઈ રામશીભાઈ રબારી (કલોતરા), (૪) દેવાભાઈ ભીમશીભાઈ રબારી(ખાંભલા) નાઓને ક્રિ.પ્રો. કો.કલમ ૨૪૮(૧) અન્વયે તેઓની સામેના ઈ.પી.કો.કલમ-૩૪૧,

૩૨૫,૩૨૩,૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ઉપરોકત ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં આરોપીઓની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ−૪૩૭(એ) માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર જામીન લેવા જરૂરી જણાતું હોય આરોપીઓએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલું રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

**૩.** મુદ્દામાલનો અપીલ પીરીયડ પુરો થયા બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬.૦૫.૨૦૨૬
મુ.ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[GJ01199]